# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-08-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURSDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.**

****************************************************

1) ખેલો ઈન્ડિયા ડાયલોગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાઓને કહ્યું, સરકાર આધુનિક રમતગમત માળખું બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ.

2) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે વિદ્યાર્થીઓને દેશ માટે લક્ષ્ય નિર્ધારિત કરવા આહ્વાન કર્યું.

3) નેપાળમાં ભયાનક પૂરથી સર્જાયેલી સ્થિતિમાં રાજ્યના 18 જેટલા લોકો ગુમ થયાના અહેવાલ.

4) રક્ષાબંધન પૂર્વે મહિલા ધારાસભ્યોને મુખ્યમંત્રીની ભેટ- વિકાસકામો માટે 28 કરોડ ફાળવ્યા.

5) પશુપાલકોને બે હજાર 946 કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેર ચૂકવવાનો બનાસ ડેરીનો નિર્ણય.

6) DGP કપ 2026-27 રેસલિંગ ક્લસ્ટર સ્પર્ધામાં જેલ વિભાગે સૌથી વધુ ચંદ્રકો જીત્યા.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# KHELO INDIA DIALOGUE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર 21મી સદીમાં ભારત માટે આધુનિક રમતગમત ઇકોસિસ્ટમ બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આજે ખેલો ઇન્ડિયા ડાયલોગને વર્ચ્યુઅલી સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે રમતગમત ફક્ત ચંદ્રક જીતવા સુધી મર્યાદિત નથી, પરંતુ તે વિકસિત ભારતના નિર્માણમાં ભારતની રમતગમત કૌશલ્ય અને યુવા શક્તિને એક કરવાનું મિશન છે. રાજ્યમાં પણ આજે વિવિધ સ્થળોએ ખેલો ઇન્ડિયા ડાયલોગનું આયોજન કરાયું. IIT ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું, કેન્દ્ર સરકારે દેશભરમાં એક મજબૂત રમતગમત માળખું વિકસાવવા 36 હજાર કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.**

## (BYTE : MANSUKH MANDAVIYA, UNION MINISTER)

*"खेलो इंडिया स्कूल गेम्स, खेलो इंडिया यूनिवर्सिटी गेम्स, खेलो इंडिया यूथ गेम्स के द्वारा देश के सभी युवा अपने स्कूल में ही खेलने का अवसर मिले। वहाँ से ही टैलेंट को आइडेंटिफाई करके उसको डिस्ट्रिक्ट स्कूल, स्पोर्ट्स स्कूल में रखे जाएँ और वहाँ से स्टेट ट्रेनिंग सेंटर, सेंटर ऑफ एक्सीलेंस और टॉप्स के सेंटर में ले के उसको खेलने का पूर्ण अवसर देने की व्यवस्था करी।"*

**આ ઉપરાંત વલસાડ જિલ્લાની ધરમપુરમાં યોજાયેલા કાર્યક્રમમાં 800 વિદ્યાર્થી જોડાયા જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં પણ NSS સ્વયંસેવકોએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જામનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં રમતગમત ક્ષેત્ર સાથે જોડાયેલા આગેવાનો, લોકપ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા.**

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે વિદ્યાર્થીઓને દેશ માટે લક્ષ્ય નિર્ધારિત કરવા આહ્વાન કર્યું. ગૂજરાત વિદ્યાપીઠના 72મા પદવીદાન સમારોહમાં તેમણે ગાંધીજીના વિચારોને ટાંકતા જણાવ્યું, શિક્ષણ એવું હોવું જોઈએ જે કૌશલ્ય આપે, હૃદયમાં સંવેદનશીલતા ઉત્પન કરે, અને મસ્તિષ્ક જ્ઞાન સાથે વિવેકને અપનાવવા ખુલ્લુ રહે.

**(BYTE: AMIT SHAH ON TARGET)**

*"एक बहुत बड़े व्यक्ति ने मुझे कहा था कि काम हो पाएगा या नहीं हो पाएगा, वो नहीं सोचना चाहिए। काम करने जैसा है या नहीं करने जैसा है, वही सोचना चाहिए। जीवन में एक लक्ष्य तय करकर विद्यापीठ के प्रांगण के बाहर पैर रखेगा। और दूसरा, लक्ष्य अपने लिए मत तय करना—देश के लिए, समाज के लिए, गरीबों के लिए, लोगों के लिए तय करना।"*

તેમણે જણાવ્યું હતું કે ગાંધીજી માનતા હતા કે સ્વતંત્રતા ત્યાં સુધી અધૂરી રહેશે જ્યાં સુધી ભાષા- સંસ્કૃતિ આપણી ન હોય.  નવી શિક્ષણ નીતિ અંગે તેમણે જણાવ્યું કે ભારતે સદીઓ સુધી વિશ્વને આપી તે જ શિક્ષણ નીતિ આપણાં યુવાઓ માટે લાવવામાં આવી છે.

**(BYTE: AMIT SHAH ON EDUCATION POLICY)**

"2020 की राष्ट्रीय शिक्षा नीति एक बार आप देख लीजिएगा। मातृभाषा, कौशल, बहु-विषयक अध्ययन, भारतीय ज्ञान परंपरा और समग्र व्यक्तित्व का विकास—ये पाँच स्तम्भ पर ही हमारी नई शिक्षा नीति बनी है। मूल तत्व को बदले बगैर विश्व भर की आधुनिकता को हमने नई शिक्षा नीति में भरने का काम किया है।"

સમારોહમાં 900 વિદ્યાર્થીઓને પદવી અને 11 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરાયા હતા.

શ્રી શાહ આજે અમદાવાદના થલતેજમાં ટ્રોઇકા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા આયોજિત ફાર્મા ઈનોવા પુરસ્કાર સમારોહ 2026માં હાજરી આપશે, ત્યારબાદ ઘાટલોડિયા મતવિસ્તારના બોપલ ખાતે રહેવાસીઓ સાથે વાતચીત કરવા માટે 'લોક દરબાર'નું પણ આયોજન કરાયું છે.

# NEPAL GUJARAT

નેપાળમાં ભયાનક પૂરથી સર્જાયેલી સ્થિતિમાં રાજ્યના 18 જેટલા લોકો ગુમ થયાના અહેવાલ છે. સરકારી યાદીમાં જણાવ્યા અનુસાર ગાંધીનગરના 4, સુરત અને ખેડાના 3-3, આણંદ અને વડોદરાના 2-2, અમદાવાદ, રાજકોટ, વલસાડ, અમરેલીના એક –એક વ્યક્તિનો સમાવેશ થાય છે. યાદીમાં દર્શાવાયેલા 18 લોકોમાંથી કેટલાક ભારતીય મૂળના વિદેશી નાગરિકો પણ હોવાનું નોંધાયું છે. ગુજરાત સિવાય અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના એક-એક વ્યક્તિનો પણ સંપર્ક થયો નથી. ત્યારે ગુમ થયેલા/સંપર્ક વિહોણા લોકો અંગે માહિતી એકત્ર કરવા તંત્ર સક્રિય થયું છે.

દરમિયાન રાજ્ય સરકારે પૂરગ્રસ્ત સ્થિતિમાં ફસાયેલા નાગરિકો અને પરિવારજનો માટે હેલ્પલાઈન જાહેર કરી છે. રાજ્યના નાગરિકો અને તેના પરિવારજનો માટે રાજ્યના કંટ્રોલરૂમ નંબર, 079232-51900, 9978405304, હેલ્પલાઇન નંબર 1070 ઉપરાંત જે તે જિલ્લાના District Emergency Operation Centreના હેલ્પલાઇન નં. 1077 પર સંપર્ક કરવો.

જ્યારે નેપાળમાં અસરગ્રસ્ત ભારતીય નાગરિકો માટે ઇમરજન્સી હેલ્પલાઇન નંબર +977 985 131 6807, +977 970 910 7500 પણ જાહેર કરાયા છે. જરૂરિયાતમંદ નાગરિકો અથવા તેમના પરિવારજનો તાત્કાલિક આ નંબરો પર સંપર્ક કરી શકે છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FEMALE MLA GRANT

રક્ષાબંધન પહેલા રાજ્યના મહિલા ધારાસભ્યોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસલક્ષી ભેટ આપી છે. તે અંતર્ગત મતવિસ્તારના રોડ રસ્તાના કામો માટે 14 મહિલા જનપ્રતિનિધિઓને કુલ 28 કરોડ રૂપિયા ફાળવાશે. રાજ્ય વિધાનસભામાં જનપ્રતિનિધિત્વ કરતાં શહેરી ક્ષેત્રના નવ અને ગ્રામ્ય વિસ્તારના પાંચ મળી કુલ 14 મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને 2 કરોડ રૂપિયાની વિકાસલક્ષી ગ્રાન્ટ મળશે. આ નિર્ણયના પરિણામે મહિલા ધારાસભ્યોના મત ક્ષેત્રોમાં કનેક્ટિવિટી વધુ સરળ બનશે.

# BANAS DAIRY

બનાસ ડેરીએ પશુપાલકોને બે હજાર 946 કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેર ચૂકવવાનો નિર્ણય લીધો છે. વાવ-થરાદ જિલ્લાના સણાદર ડેરી પ્લાન્ટ ખાતે યોજાયેલી 58મી વાર્ષિક સાધારણ સભામાં અધ્યક્ષ શંકર ચૌધરીએ આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે દર મહિને પશુપાલકોના ખાતામાં એક હજાર 422 કરોડની દૂધની આવક જમા કરાવતો વિશ્વનો એકમાત્ર જિલ્લો બનાસકાંઠા છે. આ સમગ્ર પ્રગતિ અને સિદ્ધિઓ લાખો દૂધ ઉત્પાદક માતા-બહેનોના પરિશ્રમને કારણે શક્ય બની છે.

## (BYTE : SHANKAR CHAUDHARY, SPEAKER)

*"બનાસે સાથે મળીને ચાલવાનો સ્વભાવ કેળવ્યો એના કારણે કરીને નાના નાના લોકો પણ એક સાથે મળ્યા અને તેમણે બનાવેલી આ ડેરી એ આજે તેના ફળ અનેક લોકો સુધી પહોંચી રહ્યા છે. આજે રક્ષાબંધનના આગલા દિવસે બનાસની માતાઓ બહેનોને **₹2,000** કરોડથી વધારાની રકમ તેમને ભાવફેર તરીકે મળે એનું ખૂબ ગૌરવ છે, સંતોષ છે અને સરકારોની પોઝિટિવ નીતિઓ અને પ્રજાનો સાથે ચાલીને કામ કરવાનો સ્વભાવ આ બંનેના કારણે આ ક્રાંતિ બની શકી છે."*

આ સભામાં વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટોચની 10 મહિલા પશુપાલકોનું સન્માન પણ કરાયું.

# DUPLICATE MEDICINES

અમદાવાદ ગુના શાખા અને ખોરાક અને ઔષધ નિયમન તંત્રે હૃદય રોગ અને લોહીના દબાણ - BPની બનાવટી દવાઓના માળખાનો પર્દાફાશ કર્યો. આ મામલે અમદાવાદના એક વેપારી સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ વિવિધ રાજ્યોમાં ટીમો મોકલી વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું ACP ભરત પટેલે જણાવ્યું.

## (BYTE : BHARAT PATEL, ACP)

*फ़ूड एंड ड्रग डिपार्टमेंट के ऑफिसर्स और क्राइम ब्रांच के ऑफिसर ने साथ में मिलके पूरी टीम्स बना के गुजरात शहर के अलग-अलग शहरों से जहाँ से भी इस तरह से नकली जो दवाइयाँ अभी तक बेची गई हैं और जो अभी तक बिकी नहीं हैं और जो स्टोर्स में थीं, तो वो सारी दवाइयाँ लगभग **1200** स्ट्रिप ज़ब्त की गई हैं। कुल तीन लोगों को इस केस में अभी तक अरेस्ट किया गया है और बाकी की तफ़तीश जारी है।"*

# GEMS OF INDIA

દમણ જિલ્લામાં માહિતી અને પ્રસારણ મંત્રાલયની 'જેમ્સ ઓફ ઈન્ડિયા' પહેલ અંતર્ગત એક બેઠક યોજાઇ. જેમાં ADP આશુતોષ કુમારે આ પહેલના ઉદ્દેશ્યો વિશે વિગતવાર માહિતી આપી હતી.

**(BYTE : ASHUTOSH KUMAR, ADP)**

*इस मीटिंग में उनको प्रेरित किया गया कि कैसे वो जेम्स ऑफ़ इंडिया चैलेंज के अंतर्गत एक से तीन मिनट का वीडियो बना करके और अपने लोकल कल्चर को, लोकल जो भी रीति-रिवाज़ हैं, कस्टम्स हैं, संगीत है, खान-पान है, और जो मॉन्यूमेंट्स हैं यहाँ के लोकल, उसको वो दुनिया तक पहुँचा सकते हैं और एक नेशनल मंच उनको मिलेगा, ताकि वो अपनी प्रतिभा को पूरे देश में दिखा सकते हैं।"*

આ કાર્યક્રમમાં દમણ આકાશવાણી, માહિતી ખાતા અને મેરા યુવા ભારતના અધિકારીઓ પણ હાજર હતા.

# SHRAVANOTSAV

**પવિત્ર શ્રાવણ માસમાં આસામના મુખ્યમંત્રી શ્રી હિમંત બિસ્વા સરમા એ ગીર સોમનાથ જિલ્લામાં આવેલા સોમનાથ જ્યોતિર્લિંગ ની પૂજા કરી હતી. તેઓએ સપરિવાર સોમેશ્વર મહાપૂજા સંપન્ન કરી હતી. જિલ્લા કલેકટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ આસામના મુખ્યમંત્રીશ્રીને સોમનાથ મહાદેવની તસવીર ભેટ આપી અભિવાદન કર્યું હતું.**

**મહેસાણા જિલ્લાના વડનગર ખાતે શ્રાવણોત્સવ અંતર્ગત ભવ્ય 'ડમરુ યાત્રા'માં 108 નિષ્ણાંત કલાકારોના સમૂહે ડમરુ વાદને નગરજનોને મંત્રમુગ્ધ કર્યા. આ યાત્રામાં જિલ્લા પ્રભારી મંત્રી શ્રી પ્રવીણ માળી જોડાયા હતા. મંત્રીશ્રીએ વધુ જણાવતા કહ્યું કે,**

## (BYTE : PRAVIN MALI, MINISTER)

*"કીર્તિ તોરણથી લઈ અને તમામ ગલીઓમાંથી પસાર થતાં થતાં અનેક મંદિરોના દર્શન કરતાં કરતાં આજે હાટકેશ્વર મહાદેવના સાનિધ્યની અંદર આ ડમરૂ યાત્રા સંપન્ન થઈ. નાનામાં નાના બાળકથી લઈ અને વડીલ સુધી દરેક નાગરિકો આમાં જોડાયા છે અને ડમરૂના નાથ સાથે વડનગર ગુંજી ઉઠ્યું છે. આ રોજે યાત્રા ચાલવાની છે. હું તમામ શ્રોતાઓને વિનંતી કરીશ કે આ ડમરૂ યાત્રાની અંદર આપણે પણ જોડાઈએ અને આવું સદ્ભાગ્ય આપણે પ્રાપ્ત કરીએ, એવી વિનંતી કરૂં છું."*

# DGP CUP

DGP કપ 2026-27 રેસલિંગ ક્લસ્ટર સ્પર્ધામાં જેલ અને સુધારાત્મક વહીવટ વિભાગે શાનદાર પ્રદર્શન કરી સૌથી વધુ ચંદ્રકો જીત્યા છે. નડીઆદ ખાતે યોજાયલી આ સ્પર્ધામાં જેલ વિભાગે 6 સુવર્ણ, 6 રજત અને એક કાંસ્ય સહિત કુલ 13 ચંદ્રક મેડલ મેળવી ઓવરઓલ ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો.

આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી કુલ 22 ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન કુશ્તી, ગ્રીકો-રોમન કુશ્તી, આર્મ કુશ્તી અને મુક્કેબાજીમાં ખેલાડીઓ વચ્ચે રોમાંચક મુકાબલા યોજાયા હતા.